# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૮/ક્વા-૦૨/૨૦૨૩-૨૪/ ૩૬૩૭-૩ તારીખ : ૦૩-૧૧-૨૦૨૩

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
શ્રી કેયુરભાઈ કિરીટભાઈ વણપરીયા
શેરી નં.૧૪, રામાણી હનુમાન મંદીર પાસે, કોઠારિયા ગામ,
મું. પો. : કોઠારિયા, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૨૨
મોબાઈલ : ૭૬૦૦૪૬૫૬૦૬

**વિષય :** દરરોજ વીજપુરવઠો ખોરવાવા અંગે.

**સંદર્ભ:** આપશ્રીની રજુઆત પત્ર નંબર : Email , તા. ૨૦-૦૯-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨૮/ક્વા-૦૨/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ખોખડદળ રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**e-mail:forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૮/ક્વા-૨/૨૩-૨૪/ 3537-3 તા. 03-11-2023

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર -૨૮/ક્વા-૨/૨૩-૨૪ તા.૨૧-૦૯-૨૦૨૩

| | |
|---|---|
| અરજદાર | : શ્રી કેયુરભાઈ કે. વણપરીયા, ગામ: કોઠારિયા |
| રજૂઆત કરનાર | : અરજદારશ્રી હાજર રહેલ નથી. |

:: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ શહેર -૩ |
| રજૂઆત કરનાર | : એમ.આર.માકડિયા, કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી - શહેર-૩ રાજકોટ |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

:: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ | : ૧૭.૧૦.૨૦૨૩ (મંગળવાર) અને ૨૫.૧૦.૨૦૨૩ (બુધવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૭.૧૦.૨૦૨૩ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં અરજદાર હાજર રહેલ ન હતા, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી એમ.આર.માકડિયા, કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી - શહેર-૩ રાજકોટ હાજર રહેલ હતા. ત્યારબાદ સદર કેસની સુનાવણી તા.૨૫.૧૦.૨૦૨૩ ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં અરજદાર ગેરહાજર રહેલ હોય, અરજદારને વધુ સુનાવણી અર્થે ઉપર મુજબના પક્ષકાર હાજર / ગેરહાજર રહેલ હતા, અરજદારે તેઓના ઈમેઈલ તા.૨૫-૧૦-૨૦૨૩ થી જણાવેલ કે તેઓ મીટીંગમાં હાજર રહી શકે તેમ ન હોવાથી, તેઓની અરજીમાં આજદિન સુધીની રજુઆતોને ધ્યાને લઇને નિર્ણય કરવા વિનંતી કરેલ છે.

:: અરજદારની રજૂઆત ::

2.0 Applicant Mr. Keyur Vanpariya Village-Kothariya, Rajkot having electricity connection no. 62113/51551/2 power getting from khokhaddad / Shivalay feeder. Applicant has paid all electricity bills regularly.

2.1 As per the applicant grievances frequently power supply failed without intimation. Power companies are liable to maintain the data related interruption such as SAIFI, SAIDI etc. Applicant has asked said data through an RTI application.

2.2 Applicant has requested to forum to provide uninterrupted power supply .

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.0 અરજદારની ફરીયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા પત્ર નં -૪૨૩૪ તા.૦૯-૧૦-૨૦૨૩ થી જણાવેલ છે કે તેઓના કોઠારિયા ગામના રહેણાંક કનેક્શનમાં મોટે ભાગે દરરોજ વીજપુરવઠો ખોરવાવા બાબતે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૩.૧ અરજદારશ્રી કેયુરભાઈ વણપરીયાના રહેણાંક કનેક્શનના ગ્રાહક નં.૬૨૧૧૩/૫૧૫૫૧/૨ છે જેને શિવાલય અર્બન ફીડર માંથી પાવર સપ્લાય મળે છે. એચટી-૩ પેટાવિભાગીય કચેરી દ્વારા વીજ સાતત્યતા જાળવવાના પૂરતા પ્રયત્નો કરવામાં આવે છે. જયારે સમારકામ, ટ્રાન્સફોર્મર બદલાવવા, નવા વીજજોડાણ આપવા વગેરે કામગીરીમાં જરૂરિયાત મુજબ અગાઉથી ઉર્જા મિત્ર એપ્લીકેશન મારફતે સદર ફીડરના વીજગ્રાહકોને જાણ કરવામાં આવે છે.

૩.૨ સદર ફીડરની બાબત ટેકનીકલ હોય કોઈ કારણોસર વીજપુરવઠો ખોરવાઈતો એચટી-૩ પેટાવિભાગીય કચેરી દ્વારા વહેલામાં વહેલી તકે પુનઃસ્થાપિત કરી આપવામાં આવે છે. વધુમાં છેલ્લા 03 માસના વીજવિક્ષેપના **TT, PF, ESD, PSD** ની માહિતી નીચે મુજબ છે.

| શિવાલય ફીડર છેલ્લા 3 માસ TT, PF, ESD, PSD ની માહિતી | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| માસ | TT | PF | સમયગાળો | PSD | સમયગાળો | કુલ | સમયગાળો | કામગીરીની વિગત |
| જુલાઈ-૨૩ | ૨ | 0 | 00:00 | 3 | ૦૨:૦૫ | ૫ | ૦૨:૦૫ | ફેઈલ ટી.સી. બદલવા, નવા વીજજોડાણ |
| ઓગસ્ટ-૨૩ | ૧ | 0 | 00:00 | 3 | ૦૮:૧૦ | ૪ | ૦૮:૧૦ | નવા વીજજોડાણ, ફેઈલ ટી.સી. બદલવા |
| સપ્ટે-૨૩ | ૬ | ૨ | ૦૧:૨૦ | ૫ | ૦૨:30 | ૧3 | 03:૫૦ | કેબલ ફોલ્ટ હોવાથી, ૦૨ જમ્પર, ફેઈલ ટી.સી. બદલવા |
| કુલ | ૯ | ૨ | ૦૧:૨૦ | ૧૧ | ૧૨:૪૫ | ૨૨ | ૧૪:૦૫ | |

3.3 ઉપરોક્ત કોષ્ટક પરથી જણાય છે કે છેલ્લા ૨૨૦૮ કલાક માંથી ફક્ત ૧૪:૦૫ કલાક નીચે મુજબના કારણોસર વીજપુરવઠો ખોરવાયેલ હતો. આમ, ૦3 માસમાં સદર ફીડરની વીજસાતત્યતા ૯૯.3૬% છે. જેના પરથી જાણી શકાય છે કે, એચટી-૩ પેટાવિભાગીય કચેરી ખાતેથી વીજપુરવઠાની સાતત્યતા જાળવવી એ પી.જી.વી.સી.એલ. કંપનીની નૈતિક ફરજ છે અને એચટી-૩ પેટાવિભાગીય કચેરીના તમામ સ્ટાફ પહેલી ફરજ સમજી સંપૂર્ણ તકેદારી સાથે કામગીરી કરવામાં આવેલ છે, તેમજ ભવિષ્યમાં પણ કરવામાં આવશે. આ ઉપરાંત કોઠારિયા વિસ્તાર ડેવલોપમેન્ટ વાળો વિસ્તાર હોય સદર વિસ્તારમાં છેલ્લા ટૂંક સમયમાં ઘણા વીજજોડાણની વધારો થતો હોય તેમના નવી વિજલાઈનના કામો માટે પણ વીજપુરવઠો કોઈ અકસ્માત ન બને તે હેતુ માટે બંધ કરવો પડતો હોય છ,. કેમકે શૂન્ય અકસ્માતએ પણ પી.જી.વી.એલ.એલ. કંપનીનો લક્ષ્ય હોય જેને ધ્યાનમાં રાખી કામગીરી કરવામાં આવતી હોય છે, સદર કાર્યક્ષેત્ર હેઠળ વિભિન્ન પ્રકારના હેતુઓ, લક્ષ્યો, પરિબળો, ધ્યાનમાં રાખી એચટી-૩ પેટાવિભાગીય કચેરી દ્વારા કામગીરી કરવામાં આવતી હોવા છતાં પણ સદર ફીડરમાં છેલ્લા ૦૩ માસ માં ૯૯.૩૭ % સાતત્યતા સાથે વીજપુરવઠો જાળવેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૩.૪ સદર રજૂઆતકર્તા દ્વારા RTI હેઠળ માહિતી માંગેલ જેમાં દર્શાવેલ કે રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના કોઠારિયા ગામતળ વિસ્તારમાં આવેલ રહેણાંક કનેક્શન માટે લાગુ પડતા ફીડર, ટ્રાન્સફોર્મર માટે નામદાર જીઈઆરસીના નોટીફીકેશન નં. ૧૦/૨૦૦૫ ના ચેપ્ટર ૬ અને ૭ મુજબ ગણતરી થયેલ **SAIFI, SAIDI** અને **MAIFI** ની રાજકોટ તાલુકાના કોઠારિયા ગામતળ વિસ્તારમાં આવેલ રહેણાંક કનેક્શન માટે લાગુ પડતા ફીડર, ટ્રાન્સફોર્મર માટેની વિગતો માંગેલ તે અનુસંધાને વિભાગીય કચેરી દ્વારા સદર વિગતો અત્રેની કચેરીમાં ઉપલબ્ધ નથી તેમ જણાવેલ કારણકે વિભાગીય કચેરી હેઠળ આવતા ૧૧ કેવી ફીડરોના પાવર સપ્લાય જાળવવાની કામગીરી **HT-3** પેટાવીભાગીય કચેરી દ્વારા કરવામાં આવે છે જેથી **SAIFI, SAIDI** અને **MAIFI** ની ગણતરી ફીડરવાઈઝ ડીવીઝન લેવલે મંથવાઈઝ હોય અને અને તેના ન્યુનતમ ધોરણો માટે લાગુ પડતા મનાંકો ના પેઈજની નકલ આપવા

જણાવેલ તે બાબતે જણાવેલ કે Standard of Performance of Distribution Licensee Notification No. 10 of 2005 ના ચેપ્ટર ૬ અને ૭ મુજબ તેના ન્યુનતમ ધોરણો માટે લાગુ પડતા માનાંકો બાબતે જણાવેલ કે SAIFI,SAIDI,MAIFI ની ગણતરીની ફોર્મુલા વેબસાઈટ https://gercin.org પર Standard of Performance of Distribution Licensee Notification No.10 માં ઉપલબ્ધ છે પરંતુ તેના ન્યુનતમ માનાંકો દર્શાવેલ નથી અર્થાત નક્કી કરેલ નથી.

::હુકમ::

૪.0 અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર શ્રી કેયુરભાઈ કિરીટભાઈ વણપરીયાની રજુઆત મુજબ તેઓ ગ્રાહક નં.૬૨૧૧૩/૫૧૫૫૧/૨ થી ખોખડદળ પેટાવિભાગીય કચેરી હેઠળ વીજજોડાણ ધરાવે છે. જેમાં અરજદારના વીજજોડાણને ૧૧ કે.વિ. શિવાલય અર્બન ફીડરમાંથી વીજપુરવઠો પૂરો પાડવામાં આવે છે જેનાં વારંવાર વીજવિક્ષેપ ઉદભવતા આગોતરી જાણ કર્યા વગર આવતો હોય, જેથી અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ સદર કેસની સુનાવણી તા.૧૭-૧૦-૨૩ અને તા.૨૫-૧૦-૨૩ ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં અરજદાર ગેરહાજર રહેલ હોય, તેમજ અરજદાર દ્વારા તા.૨૫-૧૦-૨૩ ના રોજ અનિવાર્ય સંજોગોને કારણે સદર સુનાવણીમાં હાજર રહી શકે તેમ ન હોવાથી, ફરિયાદ અન્વયે યોગ્ય કરવા વિનંતી કરેલ છે.

૪.3 અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકારની રજૂઆત મુજબ, શિવાલય અર્બન ફીડરને ૬૬ કેવી કોઠારિયા સબસ્ટેશનમાંથી વીજપુરવઠો પૂરો પાડવામાં આવે છે, જેમાં કુલ એચ.ટી. લાઈન ૭.૫૭ કિમી, એલ.ટી. લાઈન ૨૦.૭૧ કિમી, કુલ ટ્રાન્સફોર્મર ૭૧ નંગ અને કેટેગરી વાઈઝ ગ્રાહકોની સંખ્યા નીચે મુજબ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| Category | GLP | RGPU | NRGP | LTMD | WW | TMP |
|---|---|---|---|---|---|---|
| Nos of connection | 18 | 4217 | 476 | 2 | 1 | 53 |

વધુમાં સદર ફીડરમાં એપ્રિલ-૨૩ થી માહે સપ્ટેમ્બર-૨૩ દરમ્યાન મહતમ એમ્પીયર લોડીંગ નીચે મુજબ નોંધાયેલ છે.

| Month | Apr-23 | May-23 | Jun-23 | Jul-23 | Aug-23 | Sep-23 |
|---|---|---|---|---|---|---|
| Max Amp. | 102 | 117 | 132 | 102 | 92 | 91 |

શિવાલય અર્બન ફીડરમાં **HT-3** પેટાવિભાગીય કચેરી દ્વારા વીજપૂરવઠાની સાતત્યતા જાળવવાના પ્રયત્નો કરવામાં આવે છે. ઉપરોક્ત પેરા નં – ૩.૨ મુજબ શિવાલય ફીડરના જુલાઈ-૨૩ થી સપ્ટેમ્બર-૨૦૨૩ દરમ્યાન કુલ ૨૨ વખત વીજપુરવઠો બંધ થયેલ છે, જેનો કુલ સમયગાળો ૧૪ કલાક અને ૦૫ મિનીટ નોંધાયેલ છે તે મુજબ વીજપુરવઠાની વીજ સાતત્યતા ૯૯.૩૬% થાય છે. અરજદારનો વિસ્તાર ડેવલોપમેન્ટ વાળો હોય, છેલ્લા ટુંકસમયમાં ઘણા વીજજોડાણોનો વધારો થતો રહે છે, જે અન્વયે વીજલાઈન અને વીજજોડાણો માટેના કામો માટે અકસ્માત ન બને તે હેતુથી વીજપૂરવઠો બંધ કરવામાં આવતો હોય છે. વધુમાં કોઈ કારણોસર વીજસમારકામની કામગીરી કે નવા વીજજોડાણની કામગીરી કરવાની હોય ત્યારે અગાઉથી ઉર્જા મિત્ર એપ્લીકેશન મારફતે સદર ફીડરના વીજગ્રાહકોને જાણ કરવામાં આવે છે, પરંતુ સદર બાબતે પીજીવીસીએલ દ્વારા કોઈ વિગતો રજુ કરવામાં આવેલ નથી.

૪.૪ પીજીવીસીએલ પક્ષકારની રજૂઆત મુજબ છેલ્લા ૦૩ માસના **TT, PF, ESD, PSD** ની માહિતી રજુ કરેલ છે, જેમાં મુખ્યત્વે ટ્રાન્સફોર્મર ફોલ્ટ, કેબલ ફોલ્ટ, જમ્પર અને નવા વીજજોડાણ આપવા માટે પાવર સપ્લાય બંધ થયેલ છે, તેમજ માહે જુલાઈ-૨૩ ની સાપેક્ષમાં વીજવિક્ષેપની સંખ્યા માહે સપ્ટેમ્બર-૨૩ માં વધુ જણાય

છે. વીજપુરવઠો સાતત્ય પૂર્ણ રીતે અરજદારને ઉપલબ્ધ થાય તે વ્યવસ્થા કરવાની વીજકંપનીની પ્રાથમિક ફરજ છે.

નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૧૦ / ૨૦૦૫ ના ક્લોઝ નં ૫.૧૧ નીચે મુજબ છે.

"The anticipated period of interruption due to scheduled outage shall be notified well in advance (a minimum of 48 hours in advance) by public notice through local newspapers or local radio/TV stations, etc. and as far as possible shall not exceed 10 hours in a day. The licensee shall ensure that supply is normally restored `by 6 p.m. The supply to essential services shall be maintained through prior consultation with providers of such services."

સદર બાબતોને ધ્યાનમાં રાખતા અરજદારની વિજવિક્ષેપની ફરિયાદ અન્વયે સદર ફીડરમાંથી ગ્રાહકોને વીજ પુરવઠો સાતત્ય પૂર્ણ મળી રહે તે માટે જરૂરી સર્વે કરી અને માસ મેન્ટેનન્સની કામગીરી દિવસ-૬૦ માં પૂર્ણ કરવા અને સદર અર્બન ફીડર પર અન્ય કામગીરી કે જેના માટે વીજવિક્ષેપ અનિવાર્ય હોય તેનું આગવું આયોજન જેમાં પાવર સપ્લાય બંધ થવા અંગેની જાણ ગ્રાહકોને SMS/ બહોળી પ્રાસિદ્ધે દ્વારા સમયસર મળી રહે વગેરે બાબતોનું સંકલન કરી વીજવિક્ષેપ ઓછામાં ઓછા આવે તે રીતે કાર્ય કરવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૫ સદર કેસમાં મુદ્દા નં ૪.૪ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે, તેમજ કરવામાં આવેલ કામગીરીનો વિગતવાર રીપોર્ટ અત્રેના ફોરમને આપવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

| | |
|---|---|
| (એન.એચ.જોષી) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: "જીલ્લા સેવા સદન- ૩, ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧, ફોન નં – ૦૨૮૧-૨૯૯૪૧૨૫.